

Title-Code:-GUJGUJ18109

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર　Mo- 9016924808　સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-04, ISSUE- 06,(SURAT), DATE-29/07/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૪, અંક-૦૬, (સુરત), તા.૨૯/૦૭/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 પલસાણા એક્સપ્રેસ-વે પર સાવરકુંડલા ટાઉન પોલીસની બોલેરોનો અકસ્માત

3 ગુજરાતમાં મેઘમહેરઃ ૨૦૭ જળાશયોમાં ૫૪ ટકાથી વધુ જળસંગ્રહ, ૧૩ ડેમ છલકાયા અને ૨૧ હાઈ એલર્ટ

4 સુરત જિલ્લામાં મેઘમહેર, ઉમરપાડામાં ડાંગરની રોપણી શરૂ


# આંદોલનકારી વિદ્યાર્થીઓ વિરુદ્ધ કોઈ કાર્યવાહી નહી થાય, સગીરોને તાત્કાલિક છોડવા સુપ્રીમ કોર્ટનો આદેશ



પેપર લીક મામલે CJP ના દેશવ્યાપી વિરોધ પ્રદર્શન બાદ પોલીસે કરેલી કાર્યવાહી સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. CJI સૂર્યા કાંતની ખંડપીઠે તમામ રાજયોમાં પ્રદર્શનકારીઓ સામે કડક કાર્યવાહી પર સ્ટે આપ્યો છે. આ ઉપરાંત, જેલમાં બંધ તમામ સગીરોને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ પણ આપ્યો છે. જોકે, ગુનાહિત ઇતિહાસ ધરાવતા લોકોને રાહત મળશે નહીં. પોલીસે તમામ પુરાવા સુરક્ષિત રાખવા પડશે.

કોકરોચ જનતા પાર્ટી દ્વારા પેપર લીક મામલે શરૂ થયેલા દેશવ્યાપી વિરોધ પ્રદર્શન બાદ પોલીસ દ્વારા કરવામાં આવેલી કડક કાર્યવાહીનો મામલો હવે દેશની સર્વોચ્ચ અદાલતમાં પહોંચ્યો છે. આ કેસમાં સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અને રાહત આપનારો આદેશ આપ્યો છે. ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા સૂર્યા કાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનાની ખંડપીઠે દિલ્હીના જંતર-મંતર સહિત દેશના અન્ય રાજયોમાં થયેલા વિદ્યાર્થી આંદોલનને લઈને મોટો ચુકાદો આપ્યો છે. અદાલતે તમામ રાજયોમાં પ્રદર્શનકારીઓ સામે કોઈપણ પ્રકારની કડક કાર્યવાહી કરવા પર સ્ટે આપ્યો છે. આ સાથે જ જેલમાં બંધ તમામ સગીરોને તુરંત જ મુક્ત કરવાનો આદેશ પણ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં શાંતિપૂર્ણ વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને રક્ષણ આપવાની સાથે જ કોર્ટેએ પણ સ્પષ્ટ કર્યું છે કે જેમનો અગાઉથી કોઈ ગુનાહિત ભૂતકાળ છે, તેમને આ સ્ટેનો લાભ મળશે નહી. લોકશાહીમાં આવા આંદોલનો અને વિરોધ પ્રદર્શનો થવાના જ છે. પરંતુ આપણે એ પણ જોવું પડશે કે પોલીસ પર હુમલો કરનારા વાસ્તવમાં વિદ્યાર્થીઓ જ હતા કે પછી કોઈ અસામાજિક તત્વો.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અદાલત સમક્ષ રજૂઆત કરી હતી કે વિદ્યાર્થીઓના આંદોલનમાં ગુનાહિત તત્વો ઘૂસી ગયા હતા, જેમના પર અગાઉથી NDPS કે દુષ્કર્મ જેવા ગંભીર આરોપો હતા. આવા લોકોએ જ પોલીસ જવાનો પર હુમલો કરીને વાતાવરણ બગાડ્યું હતું.

અરજદારો તરફથી રજૂ થયેલા વરિષ્ઠ વકીલોએ કોર્ટ સમક્ષ દિલ્હી અને બિહાર પોલીસ દ્વારા કરવામાં આવેલી હિંસક કામગીરીના પુરાવા મૂક્યા હતા. પ્રદર્શનકારીઓને વિખેરવા માટે પેલેટ ગન, રબર બુલેટ, ઇલેક્ટ્રિક બેટન અને નખ જડેલી લાઠીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના કારણે એક સગીર બાળકે પોતાની આંખોની રોશની ગુમાવી દીધી છે. બિહારમાં એક પોલીસકર્મી આંદોલનકારીઓ સામે AK-47 રાઇફલ બતાવતો પણ કેમેરામાં કેદ થયો હતો. આ સિવાય મહારાષ્ટ્રમાં એક પોલીસ અધિકારી વિદ્યાર્થીઓને નકલી ડ્રગ્સ કેસમાં ફસાવી દેવાની ધમકી આપતો જોવા મળ્યો હતો.

વકીલ પ્રશાંત ભૂષણે પણ કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે જંતર-મંતર પ્રદર્શનના એક વોલન્ટિયર જુનૈદ મલિકને આંખે પાટા બાંધીને મસુરી સુધી લઈ જવામાં આવ્યો હતો. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અદાલતે તમામ રાજયોની પોલીસને આદેશ આપ્યો છે કે પ્રદર્શન સંબંધિત તમામ CCTV ફૂટેજ, ડ્રોન રિકોર્ડિંગ, વાયરલેસ મેસેજ અને તમામ ડિજિટલ પુરાવા સુરક્ષિત રાખવામાં આવે.

## આ મા-બાપના પૈસે આઝાદી ભોગવતી ગટર જનરેશન છે... Gen Z યુવતીઓ વિશે કંગના રણૌતના નિવેદનથી હોબાળો



ભાજપ સાંસદ કંગના રણૌતે જંતર મંતર પર પ્રદર્શન કરી રહેલા યુવાનોને 'ગટર જનરેશન' કહી વિવાદ સર્જ્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી જણાવ્યું કે, આત્મનિર્ભરતા વિના માતા-પિતાના ભોગે જીવતી આ નવી પેઢી 'જનરેશન ગટર' છે. આ નિવેદન બદલ તેમને ભારે ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે, જયાં વિપક્ષી નેતાઓએ તેમના શિક્ષણ અને ગંભીરતા પર સવાલો ઉઠાવ્યા છે.

ભાજપ સાંસદ કંગના રણૌતે જંતર મંતર પર વિરોધ પ્રદર્શન કરી રહેલી પ્રદર્શનકારીઓનને 'ગટર જનરેશન' ગણાવતા હોબાળો સર્જાયો છે. કંગના રણૌતે સોશિયલ મીડિયા સ્ટોરી શેર કરીને આજની પેઢી પર આકરા પ્રહાર કર્યા છે. જો કે, આ નિવેદનો બદલ તેમણે ભારે વિરોધ અને આકરી પ્રતિક્રિયાનો સામનો કરવો પડી રહ્યો છે.

અભિનેત્રી અને સાંસદે પોતાની એક ઇન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લાંબી પોસ્ટ શેર કરીને આજના યુવાનોની આકરા શબ્દોમાં ટીકા કરી છે. તેમણે લખ્યું છે કે, 'સૌથી વધુ આઘાતજનક વર્તન એ યુવાન હિંદુ યુવતીઓનું છે,

## હવે ૧૦ અને ૨૦ રૂપિયાની પ્લાસ્ટિક નોટ આવશે બજારમાં, કેન્દ્ર સરકારે ભારતીય રિઝર્વ બેંક ના પ્રસ્તાવને આપી મંજૂરી, જાણો શું છે ફાયદા?

ભારતમાં ટૂંક સમયમાં ૧૦ અને ૨૦ રૂપિયાની પ્લાસ્ટિક નોટો જોવા મળશે. ભારતીય રિઝર્વ બેંક ના પ્રસ્તાવને કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે, જેના હેઠળ ૧૦૦-૧૦૦ કરોડ પોલિમર નોટોનું ફિલ્ડ ટ્રાયલ કરાશે. રાજય નાણા મંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં આ માહિતી આપી હતી. આ નોટો વધુ ટકાઉ અને નકલી નોટો પર લગામ લગાવવામાં મદદરૂપ થશે. હાલની કાગળની નોટો ચલણમાં રહેશે.



**નકલી નોટ પર લગામઃ પોલિમર નોટમાં ટ્રાન્સપરન્ટ વિન્ડો અને વિશેષ સિક્યોરિટી ફિચર્સ ઉમેરી શકાય છે, જેનાથી નકલી નોટો બનાવવી અશક્ય બનશે.**

ભારતમાં ટૂંક સમયમાં જ ૧૦ અને ૨૦ રૂપિયાની પ્લાસ્ટિક એટલે કે પોલિમર નોટ જોવા મળી શકે છે. કેન્દ્ર સરકારે ભારતીય રિઝર્વ બેંક ના એ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે, જે હેઠળ આ નોટોનું ફિલ્ડ ટ્રાયલ હાથ ધરવામાં આવશે, અને સફળતા મળ્યા બાદ તેને નિયમિત રીતે ચલણમાં મૂકવામાં આવશે. રાજય નાણા મંત્રી પંકજ ચૌધરીએ સોમવારે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, ભારતીય રિઝર્વ બેંક એક્ટ ૧૯૩૪ ની કલમ ૨૫ હેઠળ સરકારને ૧૦ અને ૨૦ રૂપિયાના ૧૦૦-૧૦૦ કરોડ પોલિમર નોટોના ફિલ્ડ ટ્રાયલ માટે મંજૂરી માંગતો પ્રસ્તાવ મોકલવામાં આવ્યો હતો, જેને સરકારે સ્વીકારી લીધો છે. ફિલ્ડ ટ્રાયલ દરમિયાન ૧૦ રૂપિયાના ૧૦૦ કરોડ અને ૨૦ રૂપિયાના ૧૦૦ કરોડ પ્લાસ્ટિક નોટ બહાર પાડવામાં આવશે. આ પરીક્ષણમાં નોટ કેટલી ટકાવ છે, ભારતના વિવિધ હવામાનમાં તેનો કેવો દેખાવ રહે છે, અને લોકો તેને કેવી રીતે સ્વીકારે છે, તેનું મૂલ્યાંકન કરાશે. નાણા મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, હાલમાં કાગળની નોટો અને પોલિમર નોટો બંને સાથે જ ચાલશે, કાગળની નોટો બંધ કરવાનો હાલ કોઈ પ્રસ્તાવ નથી.

## સાયણ સુગર મિલ ચૂંટણીઃ દિગ્ગજ નેતાઓએ ઉમેદવારી નોધાવી, ઓલપાડ પ્રાંત કચેરીમાં ઉમેદવારો-સમર્થકોનો જમાવડો



ઓલપાડ-સાયણ સુગર મિલની આગામી ચૂંટણીને લઈને રાજકીય અને સહકારી માહોલ ગરમાયો છે. ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી હોવાથી ઓલપાડ પ્રાંત કચેરી ખાતે ઉમેદવારો અને તેમના સમર્થકોનો ભારે જમાવડો જોવા મળ્યો હતો. દક્ષિણ ગુજરાતના ખેડૂતો માટે મહત્વપૂર્ણ ગણાતી આ સહકારી સંસ્થાની કુલ ૧૮ ઝોનની બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે. ઉમેદવારી નોધાવવાની છેલ્લી તારીખ નજીક આવતાં ઉમેદવારોમાં ભારે દોડધામ જોવા મળી હતી.

સાયણ સુગર મિલના પૂર્વ ચેરમેન કેતન પટેલ અને પૂર્વ ડિરેક્ટર દર્શન નાયક સહિતના અગ્રણી નેતાઓએ પોતાના સમર્થકો સાથે ઉમેદવારી નોંધાવી હતી. કચેરી બહાર સમર્થકોના નારા અને ઉત્સાહભર્યા વાતાવરણ વચ્ચે બંને નેતાઓએ પોતાની જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ઉમેદવારી નોંધાવ્યા બાદ પૂર્વ ડિરેક્ટર દર્શન નાયકે જણાવ્યું કે તેઓ છેલ્લા દસ વર્ષથી ખેડૂતોના હિત માટે સતત કાર્યરત છે. સાંધીએર, ઓલપાડ, હસનાબાદ, હાટીસા, એરથાણ, મોરથાણ, સોનામીઠા અને રાજનગર સહિતના ગામોના ખેડૂતોના પ્રશ્નો ઉઠાવવાનું પોતાનું ધ્યેય હોવાનું તેમણે જણાવ્યું. શેરડીના વ્યાજબી ભાવ અને ખેડૂતોના હક્ક માટે સંઘર્ષ ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે તેમની કોઈ રાજકીય પેનલ નથી, પરંતુ ખેડૂતો જ તેમની સાચી પેનલ છે. ૯ ઓગસ્ટના મતદાનમાં ખેડૂતો પોતાને બહુમતીથી વિજયી બનાવશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

**દક્ષિણ ગુજરાતના ખેડૂતો માટે મહત્વપૂર્ણ ગણાતી આ સહકારી સંસ્થાની કુલ ૧૮ ઝોનની બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે. ઉમેદવારી નોધાવવાની છેલ્લી તારીખ નજીક આવતાં ઉમેદવારોમાં ભારે દોડધામ જોવા મળી**

## કોંગ્રેસ વગર પીએમ મોદી શ્વાસ પણ નથી લઈ શકતા, નંદન નિલેકણી ટાસ્ક ફોર્સ મુદ્દે પવન ખેડાના આકરા પ્રહાર!



નીટ-યુજી પેપર લીક વિવાદ બાદ કેન્દ્ર સરકારે નંદન નીલેકાણીની અધ્યક્ષતામાં હાઈ-પાવર્ડ એક્ઝામ ટાસ્ક ફોર્સની રચના કરી છે. આ નિર્ણય પર રાજકીય પ્રતિક્રિયાઓ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસે ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે તેઓ કોંગ્રેસના નેતાઓ પર નિર્ભર છે. સમાજવાદી પાર્ટીએ આ પહેલને આવકારી, પરંતુ સરકાર આટલી મોડી કેમ પડી તેવો સવાલ ઉઠાવ્યો. ભાજપે સરકારના નિર્ણયનો બચાવ કર્યો છે.

નીટ-યુજી પેપર લીક વિવાદ બાદ કેન્દ્ર સરકાર દ્વારા નંદન નીલેકાણીની અધ્યક્ષતામાં રચવામાં આવેલી હાઈ-પાવર્ડ એક્ઝામ ટાસ્ક ફોર્સને લઈને રાજકીય પ્રતિક્રિયાઓનો દોર શરૂ થઈ ગયો છે. સંસદ ભવન બહાર વાત કરતા કોંગ્રેસ સાંસદ પવન ખેડાએ ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે શાસક પક્ષ કોંગ્રેસના નેતાઓ અને તેની લીગસી પર નિર્ભર છે. તેમણે કટાક્ષ કરતા કહ્યું કે આ લોકો કોંગ્રેસ વગર જીવી શકતા નથી અને વડાપ્રધાન મોદીનો દિવસ નેહરૂથી શરૂ થઈને નંદન નીલેકાણી પર પૂરો થાય છે. કોંગ્રેસ સાંસદ કુલો દેવી નેતામે આ ટાસ્ક ફોર્સની રચનાને આવકારતા કહ્યું કે વારંવાર સામે આવતી પેપર લીકની ઘટનાઓને રોકવા માટે આવા સુધારા અત્યંત આવશ્યક હતા. જેથી વિદ્યાર્થીઓનો અવાજ સાંભળીને શિક્ષણ પ્રણાલીમાં સુધારો થઈ શકે. બીજી તરફ, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે આ પહેલને સારી ગણાવી હતી પરંતુ સવાલ ઉઠાવ્યો કે સરકાર આ નિર્ણય લેવામાં આટલી મોડી કેમ પડી? તેમણે કહ્યું કે જો આ કમિટી ૨૦૧૪માં જ બનાવી દેવામાં આવી હોત તો દેશમાં પ્રગતિ વધુ ઝડપથી થઈ શકી હોત.

સરકારના આ નિર્ણયનો બચાવ કરતા ભાજપના નેતાઓએ વિપક્ષી આક્ષેપોને ફગાવ્યા હતા.










ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### ખાડીપૂરના કાયમી ઉકેલ માટે આજે બેઠક મળી

# કમિશનરે આજે જ તમામ વિભાગોને માહિતી કન્સલ્ટન્ટને સોંપી દેવા આપ્યા તાત્કાલિક આદેશ




સુરત- સુરત શહેરમાં ચોમાસા દરમિયાન સર્જાતી ખાડીપૂરની ગંભીર સમસ્યાના કાયમી અને વિજ્ઞાન આધારિત ટેકનિકલ ઉકેલો શોધવા માટે સુરત મહાનગરપાલિકાનું વહીવટીતંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. આજે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે યોજાયેલી મહત્ત્વપૂર્ણ સમીક્ષા બેઠકમાં ખાડીપૂર નિવારણ અંગે કેટલાંક મોટા નીતિવિષયક નિર્ણયો લેવામાં આવ્યા છે.

ખાડીપૂર નિવારણ માટે અગાઉ સ્થાનિક સ્તરે બનાવાયેલી તમામ અલગ-અલગ સમિતિઓ અને વિશિષ્ટ ટાસ્ક ફોર્સને વિસર્જિત કરી દેવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા હવે બે નવી અને સક્ષમ કમિટીઓની રચના કરવામાં આવી છે, જેમાં એક રાજ્ય કક્ષાની સમિતિ અને બીજી સીટી લેવલની તપાસ સમિતિનો સમાવેશ થાય છે. અગાઉની તમામ સમિતિઓને આ નવી સિસ્ટમ સાથે સંપૂર્ણપણે મર્જ કરી દેવાઈ છે. ખાડીઓની વર્તમાન સ્થિતિ અને વહન ક્ષમતાના સચોટ અભ્યાસ માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

ભૌગોલિક અને હાઇડ્રોલોજીકલ અભ્યાસ માટે લિડાર સર્વે હાથ ધરાશે.

વરસાદનું જોર ઘટતાં જ આગામી ૨ દિવસમાં ડ્રોન સર્વેક્ષણ શરુ થશે.

'કન્સલ્ટન્ટ મલ્ટી મીડિયા લિમિટેડ' એજન્સીને હાઇડ્રોલોજી મોડેલ અને ડીટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર જવાબદારી સોંપાઈ છે.

મ્યુનિસિપલ કમિશનરે NHAI, DFCC, સિંચાઈ વિભાગ, GETCO, DILR રેવન્યુ વિભાગ અને જગઉઅ સહિતની તમામ સંસ્થાઓને આગામી ૨ દિવસમાં પોતાની યુટીલીટી સર્વિસીસ, જમીનો, તળાવો અને નકશા સંબંધી તમામ વિગતો કન્સલ્ટન્ટ એજન્સીને પૂરી પાડવા કડક નિર્દેશ આપ્યા છે. આ ઉપરાંત, એરપોર્ટ ઓથોરિટી, પોલીસ વિભાગ અને ગુજરાત મેરીટાઈમ બોર્ડ પાસેથી જરૂરી કાનૂની મંજૂરીઓ મેળવવા પણ સૂચના અપાઈ છે. કન્સલ્ટન્ટ એજન્સી પોતાની ટેકનિકલ ટીમ SMC ના GIS સેલ ખાતે તૈનાત રાખીને આગામી ૫ દિવસમાં ખાડીપૂર નિવારણનો પ્રાથમિક રિપોર્ટ રજૂ કરશે.

# ગાંધીનગરઃ સાયબર ફાઇનાન્સિયલ ફ્રોડ અંગે e-Zero FIR સેવાનો પ્રારંભ, હવે ઘરબેઠાં જ નોધાશે પોલીસ ફરિયાદ



રાજ્ય સરકારે ગાંધીનગરથી 'સાયબર ફાઇનાન્સિયલ ફ્રોડ e-Zero FIR' સેવા શરૂ કરી છે. હવે નાગરિકો ૧૯૩૦ હેલ્પલાઇન પર જાણ કરતા જ ઘરે બેઠા e-Zero FIR નોધાવી શકશે. આ ફરિયાદ સંબંધિત પોલીસ સ્ટેશનને આપોઆપ ટ્રાન્સફર થશે. આનાથી છેતરપિંડીના પૈસા પાછા મળવાની શક્યતા વધશે. પ્રથમ કિસ્સામાં જ અમદાવાદના એક પીડિતના ૧૫.૭૬ લાખ રૂપિયા બચાવવામાં આવ્યા છે.

સાયબર ફાઇનાન્સિયલ ઠગાઈનો ભોગ બનતા નાગરિકોને ઝડપી, સરળ અને અસરકારક ન્યાય ઉપલબ્ધ કરાવવાના હેતુથી રાજ્ય સરકારે વધુ એક મહત્ત્વપૂર્ણ ડિજિટલ પહેલ શરૂ કરી છે. ગાંધીનગર ખાતેથી રસાયબર ફાઇનાન્સિયલ ફ્રોડ ઊe-Zero FIR સેવાનું સત્તાવાર લોન્ચિંગ કરવામાં આવ્યું છે.

**કેવી રીતે કામ કરશે નવી સિસ્ટમ?** આ નવી વ્યવસ્થાના અમલથી હવે સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકોને પ્રાથમિક ફરિયાદ નોંધાવવા માટે પોલીસ સ્ટેશન સુધી જવાની જરૂર રહેશે નહીં.

'નાગરિકે માત્ર ૧૯૩૦ હેલ્પલાઇન પર પોતાની સાથે થયેલા ફ્રોડની જાણ કરવાની રહેશે.

'ફરિયાદ નોંધાવતાની સાથે જ સિસ્ટમ દ્વારા આપોઆપ e-Zero FIR જનરેટ થઈ જશે.

'આ e-Zero FIR આપોઆપ સંબંધિત પોલીસ સ્ટેશનને ટ્રાન્સફર કરી દેવામાં આવશે.

ત્યારબાદ પોલીસ અધિકારીઓ ફરિયાદીનો સંપર્ક કરીને જરૂરી વિગતો મેળવી નિયમ મુજબ આગળની FIR નોંધી તપાસ હાથ ધરશે.

**નાણાં રિકવર થવાની શક્યતા વધશે-** 'e-Zero FIR વ્યવસ્થાથી પીડિતોને ઘરબેઠાં જ તાત્કાલિક ફરિયાદ નોંધાવવાની સુવિધા મળશે. પરિણામે, ઘટના બન્યાના ટૂંક સમયમાં જ પોલીસ અને સાયબર ક્રાઇમ ટીમ એક્શનમાં આવશે, જેથી ફ્રોડ થયેલી રકમ હોલ્ડ કે ફ્રીઝ કરાવીને નાગરિકોના પૈસા બચાવવાની શક્યતાઓમાં મોટો વધારો થશે.

**પ્રથમ કેસમાં જ ૧૫.૭૬ લાખ બચાવાયા-** આ નવી સિસ્ટમનું એક સફળ ઉદાહરણ પણ સામે આવ્યું છે. અમદાવાદના એક રહેવાસી 'ડિજિટલ અરેસ્ટ'ના નામે સાયબર છેતરપિંડીનો ભોગ બન્યા હતા. આ મામલે રાજ્યની પ્રથમ ચ-ગ્રહ્ઇછ દાખલ કરવામાં આવી હતી, જેના આધારે સાયબર ક્રાઇમ વિભાગે ત્વરિત કાર્યવાહી કરીને પીડિતના ૧૫.૭૬ લાખ રૂપિયાથી વધુની રકમ બચાવવામાં સફળતા મેળવી છે.

# તાપીના અંતાપુરમાં સગર્ભાને તાત્કાલિક સારવાર મળીઃભારે વરસાદ વચ્ચે ૧૦૮ અને તંત્રની સક્રિયતાથી જીવ બચ્યો



તાપી (વ્યારા)- તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના અંતાપુર ગામે ભારે વરસાદ વચ્ચે ૧૦૮ ઇમરજન્સી સેવાએ એક સગર્ભા મહિલાનો જીવ બચાવ્યો છે. જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગના સંકલનથી આ શક્ય બન્યું હતું. અંતાપુર ગામના રીનાબેન કોકણી આઠમા મહિનાના ગર્ભવતી હતા. તેમને અચાનક તબીબી જરૂરિયાત ઊભી થતાં પરિવારે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને જાણ કરી. તે સમયે ચારેબાજુ ભારે વરસાદ અને પાણી ભરાયેલા હતા.

ઇમરજન્સી કોલ મળતા જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે [...] કેન્દ્ર ખાતે ખસેડ્યા.

ડોલવણ CHCના મેડિકલ ઓફિસર ડો. ફાલ્ગુની આર. ગાવિતે આ અંગે માહિતી આપતા જણાવ્યું કે, 'સગર્ભાવસ્થાના આ સંવેદનશીલ તબક્કામાં ભારે વરસાદી વાતાવરણને કારણે કોઈ જટિલતા ન સર્જાય તે માટે [...] દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.'

સગર્ભાના પતિ ઈમાનભાઈ કોકણીએ તંત્રની કામગીરીની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, વરસાદને કારણે અમે ચિંતિત હતા કે સમયસર હોસ્પિટલ પહોંચી શકાશે કે કેમ. પરંતુ ૧૦૮ની ટીમે તાત્કાલિક

## ડુંગરી ફળિયામાં બાળકોને શાળા-આંગણવાડીએ જવામાં ભારે મુશ્કેલી



## ધુંટવેલમાં ચોમાસું આવતાં ગામના જ રસ્તાઓ કાદવમાં ગરકાવ થયા

સોનગઢ- સોનગઢ તાલુકાના ધુંટવેલ ગામના ડુંગરી ફળિયાના ગ્રામજનો માટે દર વર્ષે ચોમાસું આફત બનીને આવે છે. ચોમાસાની શરૂઆત થતાં જ ફળિયાના મુખ્ય રસ્તાઓ અત્યંત બિસમાર અને કાદવ-કીચડવાળા બની જતાં સ્થાનિકો માટે હરવા-ફરવું પણ મુશ્કેલ બની ગયું છે.

સ્થાનિક તંત્રની ઘોર ઉપેક્ષાને કારણે અહીના રહીશો વર્ષોથી હાલાકી ભોગવવાં મજબૂર બન્યા છે.સૌથી વધુ માઠી અસર નાના બાળકો અને વિદ્યાર્થીઓ પર પડી રહી છે.

કાદવ-કીચડથી ભરેલા રસ્તાઓ પરથી પસાર થઈને આંગણવાડી અને શાળાએ જતાં નાના-નાના બાળકોને ભારે યાતના વેઠવી પડે છે. કાદવમાં લપસી પડવાનો ડર અને ગંદકીના કારણે માસૂમ બાળકોના આરોગ્ય સામે પણ પ્રશ્નાર્થ ઊભો થયો છે. દર વર્ષે ચોમાસા દરમિયાન આ જ પરિસ્થિતિનું નિર્માણ થાય છે, તેમ છતાં સંબંધિત વિભાગ દ્વારા રસ્તાના કાયમી નિરાકરણ માટે કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. ગ્રામજનોનો આરોપ છે કે રજૂઆતો કરવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે.

જો વહેલી તકે ડુંગરી ફળિયાના રસ્તાનું નવેસરથી નિર્માણ કે પાકા રસ્તા બનાવવામાં નહીં આવે,તો આવનારા દિવસોમાં સ્થાનિક ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

### પાલમાં ફેમિલી સલૂનની આડમાં ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ

## ફાયરસેફ્ટી બોક્સનો 'સિક્રેટ લોકર' તરીકે ઉપયોગ થતો, સંચાલિક સહિત ૪ ઝડપાયા



સુરત- સુરત શહેરના પોશ ગણાતા પાલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્પા અને સલુનની આડમાં ચાલતા ગેરકાયદેસર દેહવેપારના ધંધા પર પોલીસે લાલ આંખ કરી છે. પાલ રાજ વિક્ટોરીયાની સામે આવેલા રાજ આર્કેડના બીજા માળે, દુકાન નંબર-૧૦૮માં 'રૂપા ફેમિલી સલુન' નામે ચાલી રહેલા ગેરકાયદેસર અડ્ડા પર એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ ની ટીમે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. છેલ્લા ત્રણેક વર્ષથી આ સ્થળે પરિવારના નામે સલુન ચલાવીને અંદર ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવવામાં આવી રહી હતી. પોલીસ ટીમે અચાનક ત્રાટકીને સમગ્ર રેકેટનો પર્દાફાશ કર્યો હતો અને સ્થળ પરથી આ ધંધામાં ધકેલાયેલી ૪ ભારતીય મહિલાઓને સહીસલામત મુક્ત કરાવી હતી.

પોલીસ તપાસમાં દરોડા દરમિયાન સલુનની મહિલા માલિકની અત્યંત ચાલાક અને શાતિર મોડસ ઓપરેન્ડી સામે આવી હતી. દુકાનની માલિકીણ રૂપાલી પવન જોગેન્દ્રનાથ બિસ્વાલ (ઉંમર ૪૫) દરોડાથી બચવા માટે એક અનોખી તરકીબ અપનાવતી હતી. તે પોતાની દુકાનની બહાર દીવાલ પર લગાવેલા ફાયર સેફ્ટી સાધનની નીચે રાખેલા એક પ્લાસ્ટિકના બોક્સમાં કોન્ડોમનો જથ્થો સંતાડી રાખતી હતી. જ્યારે પણ કોઈ ગ્રાહક સલુનમાં આવતો, ત્યારે રૂપાલી પોતે બહાર જઈને બોક્સમાંથી કોન્ડોમ લાવી ગ્રાહકને આપતી હતી, જેથી જો ક્યારેય સલુનમાં પોલીસ દરોડો પડે તો દુકાનમાંથી આપત્તિજનક મુદ્દામાલ કે કોન્ડોમ મળી ન આવે.

દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી સલૂનની માલિક તથા ગ્રાહકોની અંગઝડતી લેતાં મુદ્દામાલ મળી આવ્યો હતો.પોલીસે રોકડા રૂ. ૧૧,૮૦૦, કિંમત રૂ. ૩૨,૦૦૦ ના ૦૪ નંગ સ્માર્ટફોન, ૧૫ નંગ કોન્ડોમ તેમજ દુકાનનું લાઈટબીલ, વેરાબીલ અને લાયસન્સની નકલો સહિત કુલ રૂપિયા ૪૩,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. તપાસમાં બહાર આવ્યું છે કે રૂપાલી બિસ્વાલ, એઝાજ ખાન નામના એજન્ટ સાથે મળીને ગ્રાહકો પાસેથી મોટા પ્રમાણમાં નાણાં ઉઘરાવતી હતી. ગ્રાહકો પાસેથી મળતી રકમમાંથી પોતાનું કમિશન કાપીને બાકીના નાણાંથી આ ગેરકાયદે વેપાર ચલાવવામાં આવતો હતો. 'રૂપા ફેમિલી સલુન'માંથી પોલીસે દેહવ્યાપારના દલદલમાં ફસાયેલી ૪ ભારતીય મહિલાઓને મુક્ત કરાવી હતી.

આ ગરીબ અને મજબૂર મહિલાઓને આર્થિક લાલચ આપી ગેરકાયદેસર કામમાં ધકેલવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

# પલસાણા એક્સપ્રેસ-વે પર સાવરકુંડલા ટાઉન પોલીસની બોલેરોનો અકસ્માત

### લોખંડની રેલિંગ સાથે ગાડી ટકરાતા બોનેટના કુરચેકુરચા, ટાયર છૂટું પડ્યું, ૪ પોલીસકર્મી ગંભીર, સુરત ખસેડાયા



બારડોલી- સુરત જિલ્લાના પલસાણા તાલુકાના એના ગામ પાસેથી પસાર થતા મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ વે પર સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની સરકારી બોલેરો ગાડીને ગંભીર અકસ્માત નડ્યો છે. બોલેરો ગાડી સિમેન્ટ ગર્ડરથી બચવા જતાં ચાલકે સ્ટિયરિંગ પર કાબૂ ગુમાવતાં રોડની સાઈડની લોખંડની રેલિંગને ટકરાઈ હતી. જેમાં ગાડીનો આગળના ભાગનો કૂરચેકુરચા બોલી ગયા હતા અને ડ્રાઈવર સાઈડનું ટાયર પણ તૂટીને છૂટું પડી ગયું હતું. આર્થર રોડ જેલ આરોપીઓને મૂકવા ગયા હતા પ્રાપ્ત વિગતો અનુસાર, સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનનો સ્ટાફ મુંબઈની આર્થર રોડ સેન્ટ્રલ જેલ ખાતે બે આરોપીઓને મૂકીને પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન એક્સપ્રેસ-વે પર અચાનક સિમેન્ટના ગર્ડરને બચાવવા જતા વાહનચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે સરકારી બોલેરો ગાડી રોડની સાઈડમાં આવેલી લોખંડની રેલિંગ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભીષણ હતો કે ગાડીમાં સવાર સાવરકુંડલા ટાઉન પોલીસ મથકના એ.એસ.આઈ. ભગીરથસિંહ રાણા, કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, વિશાલ સોલંકી અને ડ્રાઈવર છાત્રપાલસિંહને ગંભીર ઇજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ અને તંત્ર તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ચારેય ઇજાગ્રસ્ત પોલીસકર્મીઓને વધુ સારવાર અર્થે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલ આ મામલે પલસાણા પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

### હવામાન અને કૃષિની માહિતી હવે સીધી વોટ્સએપ પર

## ખેડૂતોને કમોસમી વરસાદ અને વામાનના ફેરફારથી પળેપળ અવગત રાખવાનો પ્રયાસ



બારડોલી- હવામાનમાં આવતા અણધાર્યા પલટા અને બદલાતા વાતાવરણને કારણે ખેતીના પાકમાં થતાં નુકસાનને અટકાવવા તથા સારું ઉત્પાદન મેળવવા માટે તાપી અને સુરત જિલ્લાના ખેડૂતો માટે મદદરૂપ બનશે. ભારતીય હવામાન વિભાગ અને નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા સંયુક્ત રીતે 'ગ્રામીણ કૃષિ મૌસમ સેવા પ્રોજેક્ટ હેઠળ ખેડૂતોને તદ્દન મફત હવામાન માહિતી અને કૃષિ સલાહ આપવાની શરૂઆત કરવામાં આવી છે. હવે ખેડૂત ભાઈઓએ હવામાનની માહિતી કે પાક સંભાળ અંગે મૂંઝાવવાની જરૂર નથી. આ પ્રોજેક્ટ દ્વારા ખેડૂતોને તમામ જરૂરી વિગતો સીધી તેમના મોબાઈલ ફોનમાં વોટ્સએપ મારફતે મોકલવામાં આવશે.

વોટ્સએપ ગ્રુપમાં ખેડૂતોને આ માહિતી મળશે

**હવામાનની સચોટ આગાહીઃ** આગામી ૫ દિવસ દરમિયાન વરસાદ, તાપમાન અને પવનની ગતિ કેવી રહેશે તેની આગોતરી માહિતી.

**સાપ્તાહિક કૃષિ સલાહઃ** હવામાનને ધ્યાનમાં રાખીને ખેતરના પાક અનુસાર કઈ કાળજી લેવી તે અંગે નિષ્ણાતોની સલાહ. **પાક સંરક્ષણનું માર્ગદર્શનઃ** રોગ અને જીવાતથી પાકને બચાવવાના ઉપાયો, ખાતરનો યોગ્ય વપરાશની માહિતી. સેવાનો લાભ લેવા વોટ્સ એપ ગ્રુપમાં આ રીતે જોડાવું (સંપૂર્ણ નિઃશુલ્ક સેવા)

ટેપ ૧ : સૌથી પહેલા તમારા મોબાઈલમાં ૯૭૧૨૨૬૦૯૨૫ નંબર સેવ કરો.

સ્ટેપ ૨ : ત્યારબાદ આ નંબર પર વોટ્સએપ ખોલીને 'Hii' લખીને મેસેજ મોકલો.

સ્ટેપ ૩ : મેસેજમાં તમારું નામ અને જિલ્લાનું નામ (તાપી અથવા સુરત) લખીને મોકલી દો. જેથી આપના નંબર ગ્રુપમાં એડ થઇ જશે. અને અપડેટ મળતી થઇ જશે.

મેઘદૂત એપ પણ ઉપયોગી : મેઘદૂત એપને ગુગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકશે. આ એપ પણ સરકાર દ્વારા ખેડૂતો માટે બનાવાઇ છે. - ડો. વિવેક વિરાણી (ટેક્નિકલ ઓફિસર (GKMS), RCRS, નવસારી કૃષિ યુનિવર્સિટી, ભરૂચ.

## સુરતના ૨ તસ્કરની અટક, ૧૧.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત :પલસાણા નજીક ટેમ્પો રોકી ૩૦ પાડા અને ૧ ભેસને ઉગારી લેવાઇ



બારડોલી- સુરત જિલ્લાના પલસાણા તાલુકાના તરાજ ગામની સીમમાંથી પસાર થતા નેશનલ હાઇવે નંબર-૫૩ પરથી પોલીસે પશુઓને ક્રૂરતાપૂર્વક ભરીને ગેરકાયદેસર રીતે લઈ જતા એક આઇસર ટેમ્પાને ઝડપી પાડ્યો છે.

પલસાણા પોલીસ સ્ટેશનના મહિલા એ. એસ. આઇ. મિતાલીબેન હરીશકુમાર ગત તારીખ ૨૬ જુલાઈ ૨૦૨૬ ના રોજ વહેલી સવારે ફરજ પર હતા. સવારે ૫:૩૦ વાગ્યાના અરસામાં ધુલીયાથી હજીરા તરફ જતા હાઈવે પર તરાજ ગામની સીમમાં એક આઇસર ટેમ્પો શંકાસ્પદ જણાતા તેને રોકીને સઘન તપાસ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા ટેમ્પાની પાછળ તપાસ કરતા અંદર અત્યંત ગીચોગીચ રીતે ૩૦ નાના પાડાઓ અને ૧ ભેસને ટૂંકા દોરડે બાંધેલી હાલતમાં મળી આવ્યા હતા. આ મુંગા પશુઓ માટે ટેમ્પામાં ઘાસચારો કે પાણીની કોઈ જ વ્યવસ્થા રાખવામાં આવી ન હતી.

એટલું જ નહીં, પશુઓ યોગ્ય રીતે બેસી શકે તેવી જગ્યા પણ ન રાખીને ક્રૂરતાની હદ વટાવવામાં આવી હતી. કોઈપણ પ્રકારની પાસ કે પરમીટ વગર આ પશુઓનું પરિવહન કરવામાં આવી રહ્યું હતું.

આ ગેરકાયદેસર હેરાફેરી મામલે પોલીસે આઇસર ટેમ્પા ના ડ્રાઇવર સકીલ હમીદ શાહ (ભેસ્તાન આવાસ, સુરત) તથા ટેમ્પામાં પશુઓને ભરાવનાર મુખ્ય ઈસમ ઉસ્માન મહેબુબ શેખ (ભાથેના, સુરત) ની અટકાયત કરી છે.

પોલીસે એક ભેસની કિંમત રૂ. ૨૦,૦૦૦, ૩૦ નાના પાડાની કિંમત રૂ. ૧,૫૦,૦૦૦ તથા આઇસર ટેમ્પાની કિંમત રૂ. ૧૦,૦૦,૦૦૦ મળીને કુલ રૂ. ૧૧,૭૦,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ સમગ્ર મામલે બંને આરોપીઓ વિરુદ્ધ પલસાણા પોલીસમાં ગુનો નોંધાયો છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### કેટલાક લોકો શિક્ષણને ભલે ધંધો કહેતા હોય પરંતુ સરકારે તેના ઉપર GST લાધ્યો નથી

શિક્ષણ આપતી સંસ્થા માન્ય હોવી જોઈએ અને કોર્સ પણ માન્ય હોવો જોઈએ એટલે કે બંને શરતો પૂરી થતી હોવી જોઈએ તો જ જીએસટી હેઠળ વેરા-માફી નો લાભ મળે. અગાઉ શિક્ષણને એક સામાજિક પ્રવૃત્તિ તરીકે જોવાતું હતું. શિક્ષણની પ્રવૃત્તિઓ ઉપર વેરો નાખવો એ બાબત આમ પણ ખુબ જ સંવેદનશીલ બાબત છે. પરંતુ હવે ધીરે ધીરે તેમાં પણ વેપારીકરણ થવા માંડેલ છે તેમ છતાં સરકારની બંધારણીય જવાબદારી છે કે તમામને શિક્ષણ પૂરું પાડવું તેથી શિક્ષણની પાયાની સેવાઓમાં ઘણે ખરે અંશે જીએસટીની માફી રાખવામાં આવેલ છે. જીએસટીના આગમન અગાઉ એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા પોતાના ફેકલ્ટી સ્ટાફ અને વિદ્યાર્થીઓને પૂરી પાડવામાં આવતી સેવા વેરા-મુક્ત હતી તેમાં ફેકલ્ટી, સ્ટાફ અને વિદ્યાર્થીઓનું ટ્રાન્સપોર્ટેશન, મીડ-ડે મીલ સહિત કેટરિંગ, સિક્યુરિટી, હાઉસ-કીપિંગ સેવાઓ અને પ્રવેશ પરીક્ષાઓની પ્રવૃતિઓનો સમાવેશ થતો હતો.

એજયુકેશનલ ઇન્સ્ટિટ્યૂશન : આમ તો જીએસટી કાયદામાં કલમ ૨ હેઠળ કુલ ૧૨૦ જેટલી વ્યાખ્યાઓ આપવામાં આવેલ છે પરંતુ શિક્ષણ માટે કોઈ અલગ વ્યાખ્યા આપવામાં આવેલ નથી. જોકે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા 'લોક શિક્ષણ ટ્રસ્ટ વિરુદ્ધ CITના કેસમાં શિક્ષણની વ્યાખ્યા કરવામાં આવેલ છે જે મુજબ 'શિક્ષણનો મતલબ એવો થાય કે વિદ્યાર્થીને તાલીમ આપીને તેને કૌશલ્ય અને જ્ઞાન તથા ચારિત્ર ઘડતર માટે જે પ્રવૃત્તિ કરવામાં આવે' તેને શિક્ષણ કહી શકાય. શિક્ષણ ક્ષેત્રે જીએસટી ક્યાં અને કેટલું લાગુ પડે તથા કઈ રીતે લાગુ પડે તેને સમજવા માટે આપણે સૌપ્રથમ એજયુકેશનલ ઇન્સ્ટિટ્યૂટ અંગે સમજવાનું રહ્યું. જીએસટી હેઠળ જાહેરનામા ક્રમાંક ૧૨/૨૦૧૭ તારીખ ૨૮.૬.૨૦૧૭ માં એન્ટ્રી ૬૬ હેઠળ explanationમાં 'એજયુકેશનલ ઇન્સ્ટિટ્યૂશન' ની વ્યાખ્યા આપેલી છે તે મુજબ એજયુકેશનલ ઇન્સ્ટિટ્યૂશન એટલે કે એવી સંસ્થા (ભારતીય કાયદા પ્રમાણે માન્ય ઇન્ટરનેશનલ સ્કૂલ સહિત-ફોરેન યુનિવર્સીટી સિવાય) જે પ્રી-સ્કૂલ શિક્ષણ આપે, હાયર સેકન્ડરી સુધી અથવા તેને સમકક્ષ શિક્ષણ આપે અને કોઈ પણ કાયદા હેઠળ માન્ય હોય એવા સિલેબસ પ્રમાણે ભારતીય કાયદા દ્વારા માન્ય થયેલ એવી ડિગ્રી આપે (દા.ત. ભારતીય કાયદા દ્વારા માન્ય ડીમ્ડ યુનીવર્સીટી સહીત કોઈ માન્ય યુનીવર્સીટી) માન્ય ડીગ્રી-બી. કોમ. - (ખાનગી અથવા self-finance college )આપે.

અને છેલ્લે, માન્ય વ્યવસાયલક્ષી (વોકેશનલ) સંસ્થા એજયુકેશન કોર્સ (દા. ત. ITI - ફીટર, વગેરે) ચલાવતી હોય અથવા નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનીંગ ઓર સ્ટેટ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ સાથે જોડાણ ધરાવતું હોય અથવા કોઈ મોડ્યુલર એમ્પ્લોએબલ સ્કિલ કોર્સ હોય જે નેશનલ કાઉન્સિલ ઓફ પ્રોફેશનલ ટ્રેનીંગ તથા ડાયરેક્ટરેટ જનરલ ઓફ ટ્રેનિંગ, મિનિસ્ટ્રી ઓફ સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટર પ્રિન્યરશીપમાં રજીસ્ટર્ડ હોય તો તેના ઉપર GST લાગશે નહી. દાખલા તરીકે એક આઇટીઆઇ જીએસટીનો ટૂંકા ગાળાનો સર્ટિફિકેટ કોર્સ શરૂ કરે છે અને ઉમેદવારો પાસેથી ફી લે છે તો તેના ઉપર જીએસટી હેઠળ વેરા મુક્તિનો લાભ મળશે નહીં કારણકે તે એપ્રેન્ટીસ એક્ટ, ૧૯૬૧ હેઠળ કોર્સ માન્ય ગણાશે નહીં. એજયુકેશનલ ઇન્સ્ટિટ્યૂશનમાં પરીક્ષાઓ આયોજિત કરવા માટેના મર્યાદિત હેતુ માટે કેન્દ્ર અને રાજય સરકારના એજયુકેશન બોર્ડનો સમાવેશ કરેલ છે.

આમ, શિક્ષણ આપતી સંસ્થા માન્ય હોવી જોઈએ અને કોર્સ પણ માન્ય હોવો જોઈએ એટલે કે બંને શરતો પૂરી થતી હોવી જોઈએ તો જ જીએસટી હેઠળ વેરા-માફી નો લાભ મળે.કોઈપણ એક શરત કે બંને શરતો પૂર્ણ ન થવાના બધા કિસ્સામાં આવી સેવાઓ ઉપર જીએસટી ના નિયત દરે વેરો લાગશે.

જે સંસ્થાઓ આ એજયુકેશનલ ઇન્સ્ટિટ્યૂટની વ્યાખ્યાની બહાર હોય તેને જીએસટીની વેરા મુક્તિનો લાભ ના મળે. ભલે એજયુકેશનલ ઇન્સ્ટિટ્યૂટની વ્યાખ્યામાં કોઈ સંસ્થા આવી જતી હોય તેમ છતાં તે જે કોર્સ ચલાવે તે નિયત કોર્સથી ઠરાવેલ ડિગ્રી મળવાની ન હોય તો તેના ઉપર પણ જીએસટીની જવાબદારી ઊભી થાય, આવો કોર્સ માફી ન ગણાય. એજયુકેશનલ ઇન્સ્ટિટ્યૂટની કાર્યવાહી સમજવા માટે આપણે તેને બે ભાગમાં વહેંચી દઈએ જેમ કે એજયુકેશનલ ઇન્સ્ટિટ્યૂટ જો કોઈ સેવા મેળવશે તો શું થશે અને જો તે કોઈ સેવા આપશે તો જીએસટીમાં તેની શું અસર થશે તે આપણે સમજી લઈએ.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
• ૫-સિટર • ૭-સિટર •


સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

## ગુજરાતમાં મેઘમહેર: ૨૦૭ જળાશયોમાં ૫૪ ટકાથી વધુ જળસંગ્રહ, ૧૩ ડેમ છલકાયા અને ૨૧ હાઈ એલર્ટ

ગુજરાતમાં સાર્વત્રિક વરસાદને કારણે ૨૦૭ જળાશયોમાં ૫૪%થી વધુ જળસંગ્રહ થયો છે. ૧૩ ડેમ ૧૦૦% ભરાઈને છલકાયા છે, જયારે ૨૧ ડેમ માટે 'હાઈ એલર્ટ' જાહેર કરાયું છે. સરદાર સરોવર ડેમમાં કુલ ક્ષમતાના ૬૯.૨૫% પાણી ઉપલબ્ધ છે. દમણગંગામાં ૨૭,૪૧૨ ક્યુસેક પાણીની આવક નોંધાઈ.



ગુજરાતમાં ચાલુ મોસમમાં થઈ રહેલા સાર્વત્રિક વરસાદના કારણે રાજયના મુખ્ય જળાશયોમાં નવા નીરની આવક સતત થઈ રહી છે. જળસંપત્તિ વિભાગના ૨૭મી જુલાઈના અહેવાલ મુજબ રાજયના ૨૦૭ જળાશયોમાં કુલ ૫૪ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. જેમાં ૧૩ ડેમ ૧૦૦ ટકા ભરાઈને છલકાયા છે, જયારે ૨૧ ડેમ માટે તંત્ર દ્વારા 'હાઈ એલર્ટ' જાહેર કરવામાં આવી છે.

## જનતાના નાણા પાણીમાં

### દર વર્ષે ૧ જ દ્રશ્યનું પુનરાવર્તન, છતાં જવાબદારી કોઈની નક્કી નહી

# વ્યારા-ચીખલી રોડનો પુલ ફરી ધોવાયો: દર વર્ષે લાખોનું સમારકામ છતાં પ્રથમ વરસાદે જ મોકાણ

વ્યારા-ચીખલી મુખ્ય માર્ગ પર જિલ્લા પંચાયત હસ્તક આવેલો પુલ ફરી એકવાર પ્રથમ સારા વરસાદમાં જ ગંભીર રીતે ધોવાઈ ગયો છે. રોડનું ડામર અનેક જગ્યાએ ઊખડી ગયું છે, પુલનો ઉપરનો ભાગ બેસી ગયો છે અને બંને બાજુના એપ્રોચ રોડને ભારે નુકસાન પહોંચ્યું છે. પરિણામે વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાતા હજારો લોકોને લાંબા ચક્કર મારીને મુસાફરી કરવાની ફરજ પડી રહી છે.



વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાતા હજારો લોકોને લાંબો ફેરાવો વેઠવાની નોબત આવી

તાપી જિલ્લા પંચાયત માં દર ચોમાસા બાદ સમારકામના નામે લાખો નહી પરંતુ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, છતાં પ્રથમ ભારે વરસાદમાં જ પુલની હાલત કફોડી બની જાય છે. જો દર વર્ષેએક જ સ્થળે આ પ્રકારનું નુકસાન થાય છે તો રોડ અને પુલના બાંધકામની ગુણવત્તા, ડિઝાઈન અને દેખરેખ સામે ગંભીર સવાલો ઊભા થાય છે. લોકોનું કહેવું છે વાસ્તવિક સ્થિતિ દર વર્ષે જનતાની સામે આવી જાય છે. વરસાદ આવે એટલે પુલ તૂટે, રસ્તો બંધ થાય અને પછી ફરી સમારકામ શરૂ થાય આ ચક્ર હવે સામાન્ય બની ગયું છે. જિલ્લા પંચાયત માર્ગ-મકાન વિભાગે હવે માત્ર સમારકામ નહી, પરંતુ સમગ્ર પુલ અને એપ્રોચ રોડનું તકનીકી નિરીક્ષણ કરાવી જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કાર્યવાહી કરવી જોઈએ. વ્યારા-ચીખલી રોડનો આ પુલ દર વર્ષે પ્રથમ ભારે વરસાદમાં નુકસાન પામે છે, છતાં કોઈ અધિકારી કે કોન્ટ્રાક્ટર સામે જવાબદારી નક્કી થતી નથી.

જો બાંધકામ ગુણવત્તાયુક્ત હોય તો દર ચોમાસે એક જ સ્થળે રોડ ધોવાઈ જવાની ઘટના કેમ બને? કરોડો રૂપિયાના સમારકામ છતાં પરિણામ શૂન્ય રહે છે, જે સરકારી કામની ગુણવત્તા અનેદેખરેખ પર ગંભીર પ્રશ્નાર્થ ઊભો કરે છે. હવે માત્ર પેચવર્ક નહીં, પરંતુ સમગ્ર પ્રોજેક્ટની સ્વતંત્ર ટેક્નિકલ તપાસ કરીને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોની માંગ ઉગ્ર બની છે.

## રૂપાલા વિવાદ:

### પરિણામ નહોતું લાવવું તો આંદોલન ન કરાય



### ક્ષત્રિય આંદોલન પર શંકરસિંહ વાઘેલાનો કટાક્ષ

પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ લોકસભા ચૂંટણી વખતે પરશેતમ રૂપાલા સામે થયેલા ક્ષત્રિય આંદોલનની નિષ્ફળતા પર આકરો કટાક્ષ કર્યો છે.

તેમણે જણાવ્યું કે, જો પરિણામ જ નહોતું લાવવું તો આવું આંદોલન કરવું જ નહોતું જોઈએ. આનાથી આપણી નબળાઈ ખુલ્લી પડી ગઈ છે.

બાપુએ નેતૃત્વ પર ભાર મુકતા કહ્યું કે, માત્ર 'અમે ક્ષત્રિય છીએ' કહેવાથી કંઈ નથી થતું. કોઈપણ સમાજ કે વ્યક્તિમાં 'અસરકારકતા' હોવી જરૂરી છે. જો તમારામાં 'હું બેઠો છું, કોઈ ગરબડ નહી થાય' જેવી તાકાત કે પ્રભાવ ન હોય, તો આવું આંદોલન ન કરાય. સમાજ હંમેશા વ્યકિત અને સમાજની અસરકારકતાથી જ ચાલતો હોય છે. વાઘેલાના આ રોકડા શબ્દોથી હાલ રાજકીય વર્તુળોમાં ભારો ચર્ચા જાગી છે.

## ખાડીપૂરના કાયમી ઉકેલ માટે આપ ની મેયરને રજૂઆત મનપાની સામાન્ય સભામાં વિશેષ ચર્ચાકાળ યોજવા માગ; રાજકીય ભેદભાવ ભૂલીને કાયમી ઉકેલની અપીલ

સુરત- સુરત શહેરમાં એક જ સિઝનમાં બે-બે વાર આવેલા ખાડીપૂરના કારણે કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન અને ૪૧થી વધુ લોકોના મોત થતાં આમ આદમી પાર્ટી ના પ્રતિનિધિમંડળે મેયર માયાબેન માવાણીની રૂબરૂ મુલાકાત લીધી હતી. અઅઙના નેતાઓએ સુરતને કાયમી ધોરણે ખાડીપૂરથી મુક્ત કરવા મહાનગરપાલિકાની આગામી સામાન્ય સભામાં વિશેષ ચર્ચાકાળ રાખવા અને નક્કર રોડમેપ તૈયાર કરવા માટે લેખિત પત્ર સોંપ્યો હતો.



આપના પ્રતિનિધિમંડળમાં કોર્પોરેટર ધર્મેશ ભંડેરી, રચનાબેન હીરપરા, પંકજ ચાવડા અને પૂર્વ કોર્પોરેટર વિપુલ સુહાગીયા સહિતના અગ્રણી નેતાઓ જોડાણા હતા. મેયર સાથેની મુલાકાતમાં નેતાઓએ જણાવ્યું કે, ખાડીપૂર એ કોઈ એક દિવસની કે અચાનક આવી પડેલી એક વખતની ઘટના નથી, પરંતુ દર વર્ષે ચોમાસામાં આવતી એક કાયમી આપત્તિ બની ચૂકી છે. દર વખતે ખાડીપૂર સુરત શહેર માટે એક નવું સંકટ ઊભું કરે છે. પૂરના પાણી ઓસર્યા પછી પણ રોગચાળો, મિલકતોનું નુકસાન અને વ્યાપારિક મડાગાંઠના કારણે સુરતનું અર્થતંત્ર મહિનાઓ સુધી પાટા પર આવી શકતું નથી. આ પરિસ્થિતિમાંથી સુરતને ઉગારવું એ મહાનગરપાલિકાના તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓની પ્રાથમિક અને નૈતિક જવાબદારી છે. પ્રતિનિધિમંડળે રજૂઆત કરતા જણાવ્યું કે, આ સમસ્યાનો કાયમી અને ટેકનિકલ ઉકેલ લાવવા માટે આવનારી સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભામાં એજન્ડા અંતર્ગત એક વિશેષ ચર્ચાકાળનું આયોજન કરવામાં આવે. આ ચર્ચાકાળમાં પક્ષ-વિપક્ષ કે રાજકારણથી ઉપર ઉઠીને માત્ર અને માત્ર સુરત શહેરને ખાડીપૂરથી કેવી રીતે બચાવી શકાય તે અંગે ગંભીર વિચાર-વિમર્શ થવો જોઈએ. સુરતની જનતાએ પોતાના પ્રતિનિધિઓ તરીકે તમામ નગરસેવકોને ચૂંટ્યા છે, ત્યારે દરેક કોર્પોરેટરે ભેગા મળીને ભવિષ્યની સુરક્ષા માટે એક નક્કર અને સુયોજિત રોડમેપ તૈયાર કરવાની જરૂરિયાત છે. ખાડીપૂરની સમસ્યા માત્ર રાજકીય ભાષણોથી ઉકેલી શકાય તેમ નથી. તેથી આમ આદમી પાર્ટીએ એક વિશેષ સૂચન કર્યુંછે કે, આ આયોજિત સામાન્ય સભામાં માત્ર ચૂંટાયેલા પદાધિકારીઓ જ નહીં, પરંતુ સુરત મહાનગરપાલિકાના ડ્રેનેજ અનેપાણી પુરવઠા વિભાગના તમામ મુખ્ય વહીવટી અને ટેકનિકલ અધિકારીઓને ફરજિયાત હાજર રાખવામાં આવે. આ ઉપરાંત, ભૂતકાળમાં ડ્રેનેજ વિભાગની જવાબદારી સંભાળી ચૂકેલા નિવૃત્ત અધિકારીઓને પણ ખાસ નિમંત્રણ આપીનેઆ બેઠકમાં ઉપસ્થિત રાખવામાં આવે.

## કડોદરામાં રાયોટીગ અને હત્યાના પ્રયાસનો વોન્ટેડ આરોપી ઝડપાયો, બારડોલીમાં ગેસ્ટ હાઉસ મેનેજર સામે નિયમભંગનો ગુનો

બારડોલી- સુરત ગ્રામ્યના કડોદરા GIDC પોલીસે રાયોટીંગ અને હત્યાના પ્રયાસ જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાના અનુસંધાને જિલ્લામાં પ્રોહિબિશન, જુગાર, નાર્કોટિક્સ તેમજ શરીર અને મિલકત સંબંધિત ગુનાઓમાં ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે કડોદરા GIDC પોલીસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ દિપેન્દ્ર ઉર્ફે દિપક રાજપુત કડોદરા કૃષ્ણાનગર નહેર પાસે હાજર છે. બાતમીના આધારે પોલીસે સ્થળને કોર્ડન કરી આરોપીને ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




પકડાયેલા દિપેન્દ્ર ઉર્ફે દિપક રાજપુત સામે અગાઉ પણ અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. તેમાં વલસાડ જિલ્લાના વાપી GIDC પોલીસ સ્ટેશનમાં NDPC એક્ટ હેઠળ નોંધાયેલ કેસનો પણ સમાવેશ થાય છે. પોલીસે આરોપીના ગુનાહિત ઇતિહાસને ધ્યાનમાં રાખીને વધુ તપાસ શરૂ કરી છે. બીજી તરફ, સુરત જિલ્લામાં હોટલ અને ગેસ્ટ હાઉસમાં રોકાતા તમામ મુસાફરોની વિગતો સરકારના પથિક સોફ્ટવેરમાં ફરજિયાતપણે ઓનલાઈન નોંધવાની જિલ્લા મેજિસ્ટ્રેટની સૂચના હોવા છતાં બારડોલી નજીક આવેલા એક ગેસ્ટ હાઉસમાં આ નિયમનો ભંગ થતો હોવાનું સામે આવ્યું હતું.

તપાસ દરમિયાન મુસાફરોની વિગતો ઓનલાઈન નોંધવામાં ન આવતાં પોલીસે ગેસ્ટ હાઉસના મેનેજર સામે કાયદેસરની કાર્યવાહી કરી ગુનો નોંધ્યો છે. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખી આવા નિયમોના ઉલ્લંઘન સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે.

**વલસાડ જિલ્લાના વાપી GIDC પોલીસ સ્ટેશનમાં NDPC એક્ટ હેઠળ નોંધાયેલ કેસનો પણ સમાવેશ થાય છે.**

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## સુરત જિલ્લામાં સ્ટેટ મોનીટરીગ સેલના દરોડા, ૧૦.૫૭ લાખનો વિદેશી દારૂ ઝડપાયોઃ ૨ ઝડપાયા, ૧૦ વોન્ટેડ; ૨૧.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત



માંગરોળ-સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના કઠવાડા ગામે સ્ટેટ મોનીટરીંગ સેલ ની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં કુલ ૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય ૧૦ આરોપીઓ વોન્ટેડ જાહેર કરાયા છે.

સ્ટેટ મોનીટરીંગ સેલ ની ટીમે કઠવાડા ગામના જુના સ્મશાન તરફ જતા કાચા ડામરના રોડ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની આશરે ૧૦૦ પેટીઓ જપ્ત કરી હતી, જેમાં કુલ ૩૬૬૪ બોટલ દારૂનો સમાવેશ થાય છે. આ દારૂના જથ્થાની કિંમત આશરે છત. ૧૦.૫૭ લાખ આંકવામાં આવી છે.

દારૂના જથ્થા ઉપરાંત, સ્ટેટ મોનીટરીંગ સેલ ટીમે એક ઇનોવા કાર અને એક મોપેડ પણ જપ્ત કર્યા હતા. દારૂ અને વાહનો સહિત કુલ છત. ૨૧,૨૮,૩૧૬ નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

આ મામલે કોસંબા પોલીસ સ્ટેશનમાં કુલ ૧૨ આરોપીઓ વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પકડાયેલા આરોપીઓમાં દિપકભાઇ ચમારભાઇ હળપતિ (ડ્રાઈવર, રહે. નવીનગરી મોરાઇ ગામ, તા.પારડી, જી.વલસાડ) અને સાહીલ નવીનભાઇ વસાવા (રહે. મહાદેવ મંદિર ફળીયુ, કઠવાડા ગામ, તા. માંગરોળ, જી. સુરત) નો સમાવેશ થાય છે. આ કેસમાં વોન્ટેડ જાહેર કરાયેલા ૧૦ આરોપીઓમાં હેમુ યાદવ (ક્લીનર), રણજીતભાઇ રાકેશભાઇ વસાવા (રહે. કઠવાડા ગામ, સુરત), ધર્મેશભાઇ ભુતીયાભાઇ વસાવા (રહે. કઠવાડા ગામ, તા. માંગરોળ, જી. સુરત - દારૂનો જથ્થો મંગાવનાર) અને ઉમેશ અમરત પટેલ (રહે. મેડી ફળીયા, મોટીવાંકડ ગામ - દારૂનો જથ્થો મોકલનાર) નો સમાવેશ થાય છે. અન્ય વોન્ટેડ આરોપીઓમાં સદામ (રહે. ખારીવાડ, દમણ - દારૂ મોકલનાર તથા પાઇલોટીંગ કરનાર), પ્રતિક ચીમનભાઇ પટેલ (રહે. મોટી વાંકડ, દમણ - પાઇલોટીંગ કરનાર), વિકાસ (રહે. રેટલાવ - પાઇલોટીંગ કરનાર), મિતલ ચન્દ્રકાંત (રહે. મોટી વાંકડ, દમણ - પાઇલોટીંગ કરનાર), પકડાયેલ ઇનોવા ગાડીનો માલિક તથા અન્ય ૧ અજાણ્યો આરોપી સામેલ છે.

## રમતા-રમતા દુર નીકળી ગયેલો બાળક રસ્તો ભૂલી જતા અટવાયોઃ વરેલીથી ગુમ ૭ વર્ષના બાળકને ગણતરીના કલાકોમાં શોધી કાઢ્યો

બારડોલી- સુરત ગ્રામ્ય વિસ્તારના કડોદરા GIDC પોલીસ સ્ટેશન દ્વારા એક ઉત્કૃષ્ટ અને માનવીય કામગીરી કરવામાં આવી છે. વરેલી ગામેથી પોતાના મિત્ર સાથે ચલથાણ ગામે રમવા ગયેલો અને ત્યારબાદ રસ્તો ભૂલી ગયેલો ૭ વર્ષનો બાળક પોલીસની સતર્કતાથી ગણતરીના કલાકોમાં શોધી કઢાયો હતો.

ગત તારીખ ૨૬/૦૭/૨૦૨૬ના રોજ સાંજે એક મહિલાએ કડોદરા પોલીસ સ્ટેશને પહોંચીને જાણ કરી હતી કે તેઓ સાંજે સાતેક વાગ્યે મીલમાંથી પરત ફર્યા ત્યારે તેમનો ૭ વર્ષનો પુત્ર અંકુશ (નામ બદલેલ છે) ઘરે હાજર ન હતો. તપાસ કરતા જાણવા મળ્યું કે તે તેના મિત્ર શક્તિ (નામ બદલેલ છે) સાથે ચલથાણ રેલ્વે ફાટક પાસે આવેલા ભરવાડ વાસ ખાતે રમવા ગયો હતો. આ સંવેદનશીલ બનાવની ગંભીરતા સમજીને કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની ટીમે અલગ-અલગ ટુકડીઓ બનાવી શોધખોળ શરૂ કરી હતી. પોલીસે ચલથાણ ગ્રામ પંચાયત, બજાર અને કડોદરા નગરપાલિકાના સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા, જેમાં બાળક ચલથાણ રેલ્વે ફાટકથી કડોદરા તરફ ચાલતો જતો જોવા મળ્યો હતો. સઘન શોધખોળના અંતે પોલીસને આ બાળક કડોદરા ખાતે આવેલી કૃષ્ણાનગર નહેર પાસેથી મળી આવ્યો હતો. પોલીસે બાળકનો કબ્જો મેળવી જરૂરી કાઉન્સેલિંગ કર્યું હતું.




જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

## સુરત જિલ્લામાં મેઘમહેર, ઉમરપાડામાં ડાંગરની રોપણી શરૂઃજંગલો હરિયાળા બન્યા, ખેડૂતોમાં સારો પાક થવાની આશા

ઉમરપાડા-સુરત જિલ્લામાં તાજેતરમાં થયેલા સારા વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છે. ખાસ કરીને સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં, જે જંગલો અને ડુંગરાળ વિસ્તારથી ઘેરાયેલો આદિવાસી વિસ્તાર છે, ત્યાં સારો વરસાદ નોંધાયો છે. આ વિસ્તારના મોટાભાગના ખેડૂતો વરસાદ આધારિત ખેતી પર નિર્ભર હોવાથી, મેઘરાજાના આગમનથી તેમની આશા જીવંત બની છે.

જિલ્લા કંટ્રોલ રૂમના આંકડા મુજબ, સુરત જિલ્લામાં સરેરાશ સારો વરસાદ થયો છે. ઉમરપાડા તાલુકામાં કુલ ૧૬૮૦ મિલીમીટર વરસાદ નોંધાયો છે, જે આ પંથકની ખેતી માટે ખૂબ જ અનુકૂળ સાબિત થઈ રહ્યો છે. સારા વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાયા છે અને વાતાવરણ ખેતી માટે યોગ્ય બન્યું છે.

વરસાદે થોડો વિરામ લેતા જ ઉમરપાડા તાલુકાના ખેડૂતો ખેતીકામમાં સક્રિય બન્યા છે. હાલ તાલુકાભરમાં યુદ્ધના ધોરણે ડાંગરની રોપણીની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. વહેલી સવારથી જ ખેતરોમાં મહિલાઓ અને ખેડૂતો ડાંગરની રોપણી કરતા જોવા મળે છે, જેનાથી આ વર્ષે સારો પાક ઉતરશે તેવી આશા ખેડૂતો સેવી રહ્યા છે. ઉમરપાડાના જંગલ વિસ્તારોમાં વરસાદને કારણે ચારેય બાજુ લીલીછમ ચાદર



પથરાઈ ગઈ છે. પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી હોય તેવા મનમોહક દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ડુંગરો પરથી વહેતા પાણી અને ચારેય તરફ ફેલાયેલી હરિયાળી આ વિસ્તારની સુંદરતામાં વધારો કરી રહી છે.

વરસાદની આ અનુકૂળ પરિસ્થિતિ અને પૂરતા પાણીને કારણે આ વર્ષે ડાંગરનો પાક મબલખ થશે અને ખેડૂતોની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે તેવો વિશ્વાસ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

## સુરતમાં દર વર્ષે ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યાનો તાત્કાલિક ઉકેલ

### રેલવે સાથે સંકલન કરી પાલિકાએ વેણીનાથ ગરનાળા નીચે ૧૬ વિશાળ પાઇપ નાખી



સુરત મનપાએ રેલવેના સહયોગથી વેણીનાથ ગરનાળાની સમસ્યાનો ઉકેલ લાવ્યો છે. ૨૪ કલાકમાં ૧૬ પાઇપ નાખી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરાઈ છે. કોસાડ, છાપરાભાઠા, અમરોલી સહિતના વિસ્તારોના હજારો લોકોને પાંચ કિલોમીટરનો ફેરો ટળ્યો છે. સોમવારથી વાહનવ્યવહાર શરૂ થતાં સ્થાનિકોને મોટી રાહત મળી છે.

દર વર્ષે વરસાદ પડતાં પાણીમાં ગરકાવ થઈ જતું અને હજારો લોકોને પાંચ કિલોમીટરનો ફેરો કરાવતું વેણીનાથ ગરનાળું હવે ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લું બન્યું છે. રેલવે વિભાગના સહયોગથી સુરત મહાનગરપાલિકાએ માત્ર ૨૪ કલાકમાં ૧૪૦૦ મીમી વ્યાસની ૧૬ પાઇપ નાખી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ઊભી કરી એપ્રોચ રોડ તૈયાર કર્યો છે. જેના કારણે સોમવાર વહેલી સવારથી વાહન વ્યવહાર શરૂ થતાં હજારો સ્થાનિકોને મોટી રાહત મળી છે.

સુરત મહાનગરપાલિકાના નવા સમાવિષ્ટ વિસ્તારમાં ઝડપથી વિકસી રહેલા કોસાડ, છાપરાભાઠા, અમરોલી તેમજ ઈસ્ટ ઝોન-બીના વાલંક, સીમાડા, અબ્રામા અને ભરથાણા-કોસાડ વિસ્તારને જોડતું વેણીનાથ ગરનાળું ચોમાસા દરમિયાન વર્ષોથી લોકો માટે મુશ્કેલીનું કારણ બનતું રહ્યું છે. ઉપરવાસના વાલક, સીમાડા, વેલંજા, ઉમરા, ભરથાણા અને સાયણ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ પડતાં વરસાદી પાણી ગરનાળા પરથી પસાર થઈ છાપરાભાઠા ખાડી મારફતે તાપી નદીમાં જાય છે. સામાન્ય વરસાદમાં ગરનાળામાં ત્રણથી ચાર ફૂટ પાણી ભરાય છે.

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808

## સુરતના ઓલપાડ અને માંડવીમાં ડૂબી જવાની અલગ-અલગ ઘટનાઓ, પોલીસે અકસ્માત મોતનો ગુનો નોધ્યો

બારડોલી- સુરત જિલ્લામાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન પાણીમાં ડૂબી જવાની ત્રણ અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે, જેમાં ત્રણ વ્યક્તિઓના મોત થયા છે. આ દુર્ઘટનાઓ ઓલપાડ અને માંડવી તાલુકામાં બની હતી.

પ્રથમ ઘટના સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કણાદ ગામમાં બની હતી. ગટર લાઇન માટે ખોદવામાં આવેલા ખુલ્લા ખાડામાં ભરાયેલા પાણીમાં રમી રહેલો છ વર્ષનો એક બાળક અચાનક પડી ગયો હતો. પાણીમાં ડૂબી જવાથી તેનું મોત નીપજયું હતું. બીજી દુર્ઘટના ઓલપાડની સેના ખાડી વિસ્તારમાં બની હતી. વીજ વિભાગમાં ફરજ બજાવતા એક સિનિયર ક્લાર્ક પોતાની સાયકલ લઈને ખાડી ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન પાણીના ધસમસતા પ્રવાહમાં તેઓ સંતુલન ગુમાવી બેઠા અને તણાઈ ગયા હતા. વાવ જઉછ્ઞ્ઞ (સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ) ની ટીમે ઘટનાસ્થળે પહોંચી લાંબી શોધખોળ બાદ તેમનો મૃતદેહ બહાર કાઢી પરિવારને સુપરત કર્યો હતો.

ત્રીજી ઘટના માંડવી તાલુકાના કોલખડી ગામ નજીક બની હતી. માંડવીના દેવગઢ ગામનો રહેવાસી મુકેશ ગોવાજી ચૌધરી નામનો યુવક કોલખડી ગામ પાસેથી પસાર થતી ખાડીમાં માછલી પકડવા ગયો હતો. માછલી પકડતી વેળાએ તે અચાનક ઊંડા પાણીમાં ઉતરી જવાથી ડૂબી ગયો હતો. બનાવની જાણ થતાં જ માંડવી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ભારે શોધખોળ બાદ મુકેશ ચૌધરીનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.

## ગૌમાતાને ’રાષ્ટ્રમાતા’ જાહેર કરવાની માગ સાથે સુરતમાં ગૌપ્રેમીઓની રેલી, પોતાના લોહીથી લખેલું આવેદનપત્ર સોપ્યુ



સુરત- સુરતમાં ગૌમાતાને ’રાષ્ટ્રમાતા’નો દરજ્જો આપવાની અને દેશભરમાં સંપૂર્ણ ગોવધ પ્રતિબંધ મૂકવાની માગ સાથે ગૌરક્ષકો અને વિવિધ સંગઠનો દ્વારા એક અનોખું વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આજે હજારોની સંખ્યામાં ઉમટેલા ગૌભક્તો અને નાગરિકો સુરત કલેક્ટર કચેરી ખાતે સીધા વાછરડાને અને પોતાના લોહીથી લખેલા આવેદનપત્ર સાથે પહોંચી ગયા હતા. કલેક્ટર કચેરી પરિસરની અંદર અચાનક ગૌમાતાના વાછરડાને જોઈને ત્યાં હાજર સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

આ જનજાગૃતિ અને વિરોધ રેલી શહેરના વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતેથી અત્યંત ઉત્સાહપૂર્વક નીકળીને કલેક્ટર કચેરી સુધી પહોંચી હતી. રેલીમાં જોડાનારા હજારો લોકોએ અલગ-અલગ પૌરાણિક અને સાંસ્કૃતિક વેશભૂષા ધારણ કરી હતી. વિરોધનો સૌથી આશ્ચર્યજનક પાસું એ હતું કે, ગૌરક્ષકો તથા મહિલાઓએ પોતાના જ લોહીથી પત્રો અને પોસ્ટરો લખ્યા હતા. આ લોહીથી લખાયેલા આક્રોશપત્ર કલેક્ટરને સુપરત કરવામાં આવ્યા હતા.

વહીવટી તંત્રને આવેદનપત્ર આપીને ગૌમાતાના રક્ષણ માટે કડક કાયદો બનાવવાની ત્વરિત માંગ કરવામાં આવી હતી.



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ  ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)